ચેક બાઉન્સ કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ ચેક બાઉન્સ ના કેસમાં કોર્ટે આરોપીને દોષી ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે અને ફરિયાદીને 17.16 લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. આ કેસના ફરિયાદી સંજીવકુમાર દેશરાજ તનેજા (પ્રોપ્રાઇટર, દેશરાજ એન્ડ સન્સ) ને હરિયાણાના અંબાલા સિટીમાં આવેલી સની ફેશનના પ્રોપ્રાઇટર મુકેશકુમારે બાકી રકમના આંશિક ચુકવણી રૂપે 17,16,000નો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રકમ 30 દિવસમાં ચુકવવા હુકમ કર્યો હતો.

અમરોલીમાં માનસિક બીમારીથી પીડિત યુવકે ઝેર પીધું

સુરતઃ અમરોલીમાં માનસિક બીમારીથી પીડિત યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. અમરોલી ગામમાં આવેલ ડી.કે કોમ્પલેક્સમાં 44 વર્ષીય હેમંતકુમાર શાંતિલાલ બ્રહ્મભટ્ટ પરિવાર સાથે રહેતો હતો. હેમંતકુમાર વરાછા ખાતે આવેલ એક મોલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરીને પરિવારનો ગુજરાન ચલાવતો હતો. તેને છેલ્લા 15 વર્ષથી માનસિક બીમારી હતી જેની દવા પણ ચાલતી હતી. આ બીમારીથી કંટાળીને હેમંતકુમારે બુધવારે રાત્રે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. બનાવને પગલે અમરોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના દરવાજા પાસે રોડ ક્રોસ કરતા વૃદ્ધનું રિક્ષાની અડફેટે મોત

સુરતઃ ઉધના દરવાજા ખાતે પાસપોર્ટ ઓફિસમાં નોકરી કરતા સિક્યુરિટી ગાર્ડને રિક્ષા ચાલકે અડફેટે લેતા મોત થયું હતું. ઉધના દરવાજા પાસે આવેલ ખરવરનગરમાં 74 વર્ષીય મહેન્દ્રભાઈ બળવંતભાઈ બારડોલીયા પરિવાર સાથે રહેતા હતા. તે ઉધના દરવાજા ખાતે આવેલ પાસપોર્ટ ઓફિસમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ગત 24મી ફેબ્રુઆરીના રોજ રાત્રે બળવંતભાઈ નાઈટ ડ્યુટીમાં નોકરી પર જવા નીકળ્યા હતા. દરમિયાન ઉધના દરવાજા એપલ હોસ્પિટલની સામે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે રીક્ષા ચાલકે મહેન્દ્રભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે બપોરે તેમનું મોત થયું હતું.

ડિંડોલીમાં ટીબી સહિતની બીમારીથી કંટાળીને યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની રોહિત પ્રહલાદ થોરત (26 વર્ષ) હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા મહાદેવનગર વિભાગ-4માં પરિવાર સાથે રહેતો હતો અને રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. છેલ્લા સાત મહિનાથી તેને ટીબીની બીમારી હતી. જેની દવા પણ ચાલતી હતી. દરમિયાન મહિના પહેલા તેને બ્લડ કેન્સર હોવાનું નિદાન થયું હતું. જેથી આ બધી બીમારીથી કંટાળીને તેએ ગુરુવારે સવારે રસોડામાં લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો.

પત્નીએ નશો કરવા રૂપિયા નહીં આપતા નેપાળી રત્નકલાકારનો આપઘાત

સુરતઃ મૂળ નેપાળના વતની સંતોષ ટેકબહાદુર ખત્રી (34 વર્ષ) હાલ સિંગણપોર સ્થિત તિરૂપતિ સોસાયટીમાં રહેતો હતો અને રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. છેલ્લા બે મહિનાથી તે બેકાર હતો અને તેને નશો કરવાની કુટેવ હતી. જેથી અવારનવાર પત્ની પાસેથી રૂપિયા માંગતો રહેતો હતો. દરમિયાન બુધવારે બપોરે તેએ પત્ની પાસે નશો કરવા રૂપિયા માંગ્યા હતા. જોકે પત્નીએ રૂપિયા આપવા માટે ના પાડી દીધી હતી. જેથી બંને વચ્ચે ઝગડો થતા સંતોષે પીપલ્સ ચાર રસ્તા પાસે ઝેર પી લીધું હતું. તેનું સ્મીમેરમાં સારવાર દરમિયાન મોત થઇ ગયું હતું.

ગોર એ ગણગૌર માતા હું તારી પૂજા માટે બહાર ઊભી છું

■ ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની ત્રીજના દિવસે ગણગૌરનો તહેવાર ઉજવવામાં આવે છે. જો કે તે અનેક દિવસ સુધી ચાલે છે. આ દિવસોમાં મહિલાઓ પોતાના પતિના લાંબા આયુષ્ય અને સુખ માટે વ્રત રાખે છે. સુરતમાં રાજસ્થાનીઓની સંખ્યા ખૂબ જ મોટી સંખ્યામાં હોવાથી આ તહેવારની રોનક અહીં પણ જોવા મળે છે. (તસવીર : સતીષ જાદવ)

નાના વરાછામાં ચાર વર્ષનું બાળક રમતા રમતા ઘરમાં પુરાયું

સુરતઃ સુરતના નાના વરાછા વિસ્તારમાં આવેલી શ્યામધામ સોસાયટીમાં સાંજના સમયે રાધે હોસ્પિટલની બાજુમાં આવેલા એક મકાનમાં ચાર વર્ષનું માસૂમ બાળક એકલું રમતું હતું, તે દરમિયાન અચાનક ઘરનો દરવાજો અંદરથી લોક થઈ ગયો હતો. બાળક ઘરમાં કેદ થઈ જતા પરિવારજનોએ તેને બહાર કાઢવાના તમામ પ્રયાસો કર્યા હતા, પરંતુ સફળતા ન મળતાં અંતે ગભરાયેલા પરિવારે તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. સાંજે અંદાજે 4:30 વાગ્યે ફાયર કંટ્રોલ રૂમમાં કોલ મળતા જ કોસાડ ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે રવાના થઈ હતી. ફાયર ફાઈટરોએ સ્થિતિની ગંભીરતા જોઈને સમયસૂચકતા વાપરી હતી અને અત્યાધુનિક સાધનોની મદદથી મકાનનો દરવાજો તોડી નાંખ્યો હતો. સદનસીબે, ફાયરના જવાનોએ બાળકને સુરક્ષિત રીતે બહાર કાઢીને તેના પરિવારને સોંપ્યું હતું. માસૂમ બાળક સહીસલામત બહાર આવતાં પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

મનપાના વહીવટમાં હવે ડ્રોનનો ઉપયોગ થશે, ટીમ ચેન્નાઈ મોકલાઈ

મ્યુનિ.કમિ. દ્વારા બનાવાયેલી 16 કર્મચારીની ટીમ તાલીમ લીધા બાદ રિપોર્ટ તૈયાર કરશે

રિપોર્ટના આધારે મનપા દ્વારા પોતાની જરૂરિયાત મુજબના ડ્રોન તૈયાર કરાવવામાં આવશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વહીવટમાં આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધારવા માટે મનપા કમિશનર એમ. નાગરાજને એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. માત્ર ફાયર વિભાગ જ નહીં, પરંતુ આરોગ્ય, ટાઉન પ્લાનિંગ અને આઈ.એસ.ડી. જેવા વિવિધ વિભાગોમાં પણ ડ્રોનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે માટે 16 અધિકારીઓની એક ટીમ ચેન્નઈ મોકલવામાં આવી છે. આ ટીમ ચેન્નઈના પ્રતિષ્ઠિત ડો. કલામ એડવાન્સ રિસર્ચ સેન્ટર ખાતે ડ્રોનની ઉપયોગિતા અને ટેકનિકલ પાસાઓનો ગહન અભ્યાસ કરશે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય મનપાના અલગ-અલગ વિભાગોની જરૂરિયાત મુજબના 'કસ્ટમાઇઝ્ડ ડ્રોન' તૈયાર કરાવી શકાય કે કેમ તેની શક્યતાઓ તપાસાશે.

અગાઉ ફાયર વિભાગ માટે ત્રણ ડ્રોન ખરીદવાની જોગવાઈ બજેટમાં કરવામાં આવી હતી, જેનો ઉપયોગ મુખ્યત્વે આગની ઘટનાઓ વખતે અસરગ્રસ્ત સ્થળના નિરીક્ષણ અને રેસ્ક્યુ કામગીરી માટે કરવાનું નક્કી થયું હતું. જોકે, કમિશનરના આદેશથી હવે અન્ય વિભાગોમાં પણ ડ્રોનનો ઉપયોગ વધારવાની યોજના છે.

જેમ કે, આરોગ્ય વિભાગ દ્વારા ખુલ્લા ખેતરો કે ખાડી વિસ્તારોમાં જંતુનાશક દવાઓના છંટકાવ માટે અને ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા સર્વેની કામગીરીમાં ડ્રોનની મદદ લેવાની વિચારણા ચાલી રહી છે. ચેન્નઈ ગયેલી આ ટીમ પોતાની મુલાકાત બાદ એક વિસ્તૃત રિપોર્ટ રજૂ કરશે, જેના આધારે સુરત મનપા પોતાના વહીવટને વધુ ઝડપી અને ટેકનોલોજી આધારિત બનાવશે.

ચેન્નઈ ખાતેના સેન્ટરમાં પોતાની જરૂરિયાત મુજબના ડ્રોન તૈયાર કરાવી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ હોવાથી મનપાના વિવિધ વિભાગના પ્રતિનિધિઓ પોતાના વિભાગની જરૂરિયાત મુજબ ટેકનિકલ પાસાઓની ચકાસણી કર્યા બાદ કસ્ટમાઇઝ ડ્રોન શકય છે કે કેમ? તે અંગેનો રીપોર્ટ કરશે.

ફાયર વિભાગ દ્વારા પાણીના છંટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરવાની શકયતા ઓછી છે. કારણ કે, ડ્રોનમાં મહત્તમ 20 કિલો વજન ઉંચકવાની ક્ષમતા હોય છે. હાલ ફાયર ફાયટિંગની રેસ્કયુ કામગીરીના નિરીક્ષણ માટે ડ્રોનનો ઉપયોગ કરવાનું નક્કી કરાયું છે. તદુપરાંત, આરોગ્ય વિભાગ દ્વારા પણ ડ્રોનથી ખુલ્લા ખેતરો, ખાડીઓમાં દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યા છે.

ડિંડોલીમાં ગુટખા બાબતે થયેલી હત્યા કેસમાં આજીવન કેદ

ત્રણ વર્ષ પહેલા આરોપી આકાશ ઉર્ફે લાલુએ મહેન્દ્ર ઉર્ફે બાંગાને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા

સુરતઃ ડિંડોલી પોલીસ સ્ટેશને નોંધાયેલાં હત્યા કેસમાં સેસન્સ કોર્ટે આરોપી આકાશ ઉર્ફે લાલુને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

આ કેસની હકીકત મુજબ તા. ૦૮/૦૧/૨૦૨૩ ના રોજ નવાગામ-નંદનવન ટાઉનશીપ રોડ ની પાસે ઝાડી-ઝાખરા ના ખુલ્લા મેદાનમાં આરોપી આકાશ ઉર્ફે લાલુ જીતુભાઈ સોમાભાઈ પટેલ અને મરનાર મહેન્દ્ર ઉર્ફે બાંગા સાથે બેઠાં હતાં.

તે વખતે મરનારે આરોપી આકાશ ઉર્ફે લાલુ પાસે વિમલ ગુટખા, સિગરેટ ની માંગણી કરી હતી. જેથી આરોપી આકાશ ઉર્ફે લાલુએ મારી પાસે પૈસા નથી.

તું તારા પૈસાથી વિમલ ગુટખા ખા અને સિગરેટ પી એમ કહેતાં મરનાર મહેન્દ્ર ઉર્ફે બાંગાએ આરોપીને લુખ્ખા તું બધાને વિમલ ગુટખા ખવડાવે છે અને સિગરેટ પીવડાવે છે અને મને કેમ ના પાડે છે તેમ કહી ગાળો આપી હતી. જેથી આરોપીએ ઉશ્કેરાઇ જઇ પોતાની પાસે નાં ચપ્પુથી મરનારને ગળા તથા પીઠના ભાગે ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ડીંડોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલ ફરિયાદ પક્ષની ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી આકાશ ઉર્ફે લાલુ ને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

સુરત એરપોર્ટ પર ફેબ્રુ.માં હાઈએસ્ટ 581 મેટ્રિક ટન કાર્ગોની હેરફેર થઈ

જોકે કાર્ગો ટર્મિનલની કુલ ક્ષમતા સામે 25% પણ કાર્ગો માલની હેરફેર થઈ રહી નથી

સુરતઃ સુરત એરપોર્ટના ઇતિહાસમાં અત્યાર સુધી સર્વાધિક ડોમેસ્ટિક કાર્ગોની હેરફેર ફેબ્રુઆરી 2026માં નોંધાઈ છે. ફેબ્રુઆરી 2026 માં સુરત એરપોર્ટથી દૈનિક 31 મેટ્રિક ટન લેખે મહિને 581 મેટ્રિક ટન કાર્ગોની હેરફેર થઈ છે. સુરત એરપોર્ટ માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. અગાઉ જાન્યુઆરી 2026 માં 519 મેટ્રિક ટન, સપ્ટેમ્બર 2025માં 470 મેટ્રિક ટન, ઓગસ્ટ 2025માં 434 મેટ્રિક ટન અને જુલાઈ 2025માં 419 મેટ્રિક ટન કાર્ગોની હેરફેર રહી હતી. ફેબ્રુઆરી 2026 ઓલ ટાઇમ હાઇ 581 મેટ્રિક ટન કાર્ગોની હેરફેર થઈ છે. પરંતુ સુરત એરપોર્ટના કાર્ગો ટર્મિનલની કુલ ક્ષમતા સામે 25% પણ કાર્ગો માલની હેરફેર થઈ રહી નથી. સુરત એરપોર્ટ પર ડોમેસ્ટિક કાર્ગો સુવિધાનો પ્રારંભ 29 જાન્યુઆરી 2020ના રોજ કરવામાં આવ્યો હતો. આ સુવિધાના શરૂ થવાથી સુરતના ઉદ્યોગો માટે હવાઈ માર્ગે માલસામાનની હેરફેર સરળ બની છે પણ જોઈએ એવો ઉપયોગ સુરતના વેપાર ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો કરી રહ્યા નથી. 9 કરોડના ખર્ચે ખાસ આ કાર્ગો ટર્મિનલ તૈયાર કરવામાં આવ્યું હતું. 14 હજાર સ્કવેર ફૂટમાં કાર્ગો ટર્મિનલ ફેલાયેલું છે. ગ્રાઉન્ડ ફ્લોર 10,800 સ્કેવર ફૂટમાં ફેલાયેલું છે જયારે પહેલો માળ 3200 સ્કવેર ફૂટમાં ફેલાયેલો છે. કાર્ગોમાં કોલ્ડ સ્ટોરેજ, સેન્સેટીવ કાર્ગો, કેરેજ એન્ડ ગુડઝ રૂમ અને સ્ટ્રોરંગ રૂમ પણ બનાવવામાં આવ્યો છે.

વર્ષ-2020માં ડોમેસ્ટિક કાર્ગો ટર્મિનલ શરૂ થયા પછી માલની હેરફેર

મહિનો	વર્ષ	માલની હેરફેર
જુલાઈ	૨૦૨૫	૪૧૯ MTS
ઓગસ્ટ	૨૦૨૫	૪૩૪ MTS
સપ્ટેમ્બર	૨૦૨૫	૪૭૦ MTS
જાન્યુઆરી	૨૦૨૬	૫૧૯ MTS
ફેબ્રુઆરી	૨૦૨૬	૫૮૧ MTS

ગુરુવારે પણ તાપમાન 39 ડિગ્રીથી ઉપર નોંધાયું

મહત્તમ તાપમાન 39.2°C અને લઘુત્તમ 22.4°C નોંધાયું

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વધતી ગરમી વચ્ચે આજે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો, છતાં ગરમીના તેવર યથાવત જોવા મળ્યા હતા. હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરમાં મહત્તમ તાપમાન પોંઈન્ટ આઠ ડિગ્રી ઘટીને 39.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ આશરે દોઢ ડિગ્રી જેટલું ઘટીને 22.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમી ધીમે ધીમે તીવ્ર બનતી જઈ રહી છે. ગઈ કાલે તો ગરમીનો પારો 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા લોકોમાં ઉકળાટનો અહેસાસ થયો હતો. આજે તાપમાનમાં થોડો ઘટાડો થયો હોવા છતાં ગરમીનો પ્રભાવ ગઇકાલ જેવો જ અનુભવાયો હતો. બપોરના સમયમાં રસ્તાઓ પર ગરમીના કારણે લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી. આજે શહેરમાં હવામાં આશરે 34 ટકા ભેજ નોંધાયો હતો. સાથે સાથે ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશાથી પ્રતિ કલાક 10 કિલોમીટર ઝડપે પવન ફૂંકાતા ગરમી વચ્ચે થોડોક રાહતનો અહેસાસ થયો હતો, પરંતુ બપોરના તાપમાં તેની અસર ખાસ નોંધાઈ નહોતી.

આગામી દિવસોમાં ગરમી યથાવત રહેવાની શક્યતા

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં તાપમાનમાં ખાસ ઘટાડો થવાની શક્યતા ઓછી છે. દિવસ દરમિયાન ગરમીનો મિજાજ યથાવત રહેવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. જેના કારણે નાગરિકોને બપોરના સમયે બહાર નીકળતા સમયે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે.

SMCના નવા વહીવટદાર મિલિન્દ તોરવણેએ કાર્યભાર સંભાળી લીધો

મિલિન્દ તોરવણે અગાઉ સુરતમાં જ મ્યુનિ. કમિ. તરીકે કામગીરી કરી ચૂક્યા હોવાથી શહેરને તેનો લાભ મળશે

સુરતઃ સુરત સહિત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓમાં ચૂંટાયેલી પાંખની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતા હવે વહીવટદારોએ સુકાન સંભાળ્યું છે. સુરત મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે મિલિન્દ તોરવણેએ ગુરુવારે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે. તોરવણેની કમિ.થી માંડીને મનપાના તમામ ઉચ્ચ અધિકારીઓ દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે 11મી માર્ચના રોજ કોર્પોરેટરોની ટર્મ પૂર્ણ થતા મેયર સહિતના તમામ પદાધિકારીઓએ સત્તાવાર રીતે વિદાય લીધી હતી. રાજ્ય સરકાર દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ન યોજાય ત્યાં સુધી વહીવટી પ્રક્રિયા જાળવી રાખવા માટે સનદી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે, જેના ભાગરૂપે સુરતની જવાબદારી મિલિન્દ તોરવણેને સોંપાઈ છે. મિલિન્દ તોરવણે અગાઉ વર્ષ 2014 થી 2016 દરમિયાન સુરત મહાનગરપાલિકાના કમિશનર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે, તેથી તેઓ શહેરની ભૌગોલિક અને વહીવટી સ્થિતિથી સારી રીતે માહિતગાર છે. હવે નવું બોર્ડ અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી શહેરના તમામ નીતિ-વિષયક અને મહત્વના વહીવટી નિર્ણયો લેવાની સત્તા વહીવટદાર પાસે રહેશે. બીજી તરફ, પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થતા જ રાજકીય ગરમાવો વધ્યો છે અને આગામી ચૂંટણીમાં ટિકિટ મેળવવા માટે ઈચ્છુકોએ અત્યારથી જ દોડધામ શરૂ કરી દીધી છે.

મનપાની કામગીરી સુચારુરૂપે ચાલે તે પ્રાથમિકતા રહેશે: મિલિન્દ તોરવણે

સુરત મનપાના વહીવટદાર મિલિન્દ તોરવણેએ જણાવ્યું હતું કે, મનપાની કામગીરી સુચારૂરૂપે ચાલે તેની તેમની પ્રાથમિકતા રહેશે. અઠવાડિયામાં એકથી બે દિવસ તેઓ સુરત મનપામાં આવતા રહેશે અને શહેરના હિતમાં જે કોઈ નિર્ણયો લેવાના રહેશે તે તેઓ લેશે. સાથે સાથે વહીવટીતંત્રને તેઓ માર્ગદર્શન આપતા રહેશે.

અમરોલીમાં 2.84 લાખની ચેઈન ચોરીમાં આરોપી ઝડપાયો

સુરતઃ અમરોલી વિસ્તારમાં રૂ.2.84 લાખની ચેન ચોરીની ઘટનામાં પોલીસે એકની ધરપકડ કરી ચોરી કરેલી ચેઈન કબજે કરી છે. પોલીસ હિમાંશુ સુરેશભાઈ હંસોરા (રહે., વર્ણીરાજ રેસીડેન્સી, છાપરાભાઠા)ને ઝડપી પાડ્યો હતો. આરોપીની તપાસ દરમિયાન તેની પાસેથી રૂ.2.84 લાખની કિંમતની ચોરાયેલી ચેઈન મળી આવી હતી, જેને પોલીસે કબજે કરી લીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ આ ચેઈન અમરોલી પોલીસ મથક વિસ્તારમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ચોરાઈ હતી.

પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ વધુ પૂછપરછ શરૂ કરી છે જેથી અન્ય કોઈ ચોરીના બનાવોમાં તેની સંડોવણી છે કે નહીં તેની પણ તપાસ કરી શકાય. હાલમાં અમરોલી પોલીસે ગુનાનો ભેદ ઉકેલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એથરના વેરહાઉસમાં આગની દુર્ઘટના બાદ ક્લોઝર ફટકારાઈ

ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે સમગ્ર પ્રિમાઇસીસ બંધ રાખવાનો આદેશ

સુરતઃ સુરતના સચિન હોજીવાલી વિસ્તારમાં આવેલી એથર કંપનીના વેરહાઉસમાં આગની મોટી દુર્ઘટના બાદ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી છે. આગની ઘટનાને ધ્યાનમાં રાખીને કંપનીની સમગ્ર પ્રિમાઇસીસ તાત્કાલિક અસરથી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. સચિન હોજીવાલી વિસ્તારમાં આવેલી એથર કંપની સહિત પ્લાયવુડની ફેક્ટરી તેમજ ગોડાઉનમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી ભયાનક હતી કે જને લઇને આસપાસમાં આવેલી અન્ય જગ્યાઓ પણ લપેટમાં આવી ગઇ હતી. તેને કાબૂમાં લેવા માટે 30થી વધુ ફાયર ફાઈટરોને સ્થળ પર બોલાવવાની ફરજ પડી હતી. લાંબી જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનાને પગલે ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે ગુજરાત ઓક્યુપેશનલ સેફ્ટી હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન રૂલ-2025 હેઠળ કંપનીને ક્લોઝર નોટિસ આપી છે. વિભાગે કંપનીને તમામ કામગીરી બંધ રાખવા અને જરૂરી તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી નિયમોનું પાલન કરવા સૂચના આપી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વિભાગ દ્વારા આગામી દિવસોમાં આ ઘટનાને લઈને કંપનીમાં કાર્યરત તમામ કામદારોના નિવેદનો લેવામાં આવશે. સાથે જ ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ પણ એકત્રિત કરવામાં આવશે જેથી આગ લાગવાની સાચી કારણોની માહિતી મેળવી શકાય.

રોડ સાઇડ ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગ એથર ઇન્ડસ્ટ્રીના ગોડાઉનમાં ફેલાઈ, હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના ફાયર ઓફિસરનો રિપોર્ટ

બુધવારે બપોરે 1 વાગ્યે હોજીવાળા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં 2 બેન્સો મિલ, એથર ઇન્ડસ્ટ્રીના કેમિકલ સ્ટોરેજ ગોડાઉન અને અન્ય એક એકમમાં આગ લાગી હતી. આગની ઘટના અંગે ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી વિભાગ, લેબર વિભાગ, વિદ્યુત નિરીક્ષક અને ફેક્ટરી ઇન્સ્પેક્ટરની કચેરી દ્વારા SMC, સચિન નોટિફાઇડ અને સચિન ઉદ્યોગનગર સહકારી મંડળી લિ.ના હોજીવાલા ફાયર સ્ટેશનના અધિકારીઓ પાસે અહેવાલ માંગવામાં આવ્યો હતો. હોજીવાળા એસ્ટેટના હોજીવાલા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર દ્વારા આપવામાં આવેલા અહેવાલ મુજબ હોજીવાલા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે આવેલા પ્લોટ નંબર સી-૨૪/૯, રોડ નં.૨ અને પાછળના ભાગે રોડ નં.૧માં અમને ફાયર લાગવાનો કોલ આશરે 1 વાગ્યાના સમયે મળ્યો હતો. આ અંગેનો કોલ મળતાં અમો અમારા ફાયર ટેન્ડરના માણસો સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. દરમિયાન અમને રોડ નં.1ના એથર કંપનીના ગોડાઉનની સામે હાજર રહેલી વ્યક્તિ દ્વારા જણાવવામાં આવ્યું કે, રસ્તા ઉપર આવેલા ટ્રાન્સફોર્મર પાસેના રોડ પરથી આગ લાગી છે, અને ત્યાંથી આગ આપના પ્લોટ નંબર સી-૨૪/૯ કે જ્યાં ગોડાઉન આવેલુ છે ત્યાં આગ પ્રસરેલી જણાઈ હતી. આથી આ બાબતની નોંધ લઈને અમ તાત્કાલિક ધોરણે આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી.

કોઈ બોઇલર બ્લાસ્ટ થયો નથી, કોઈ ડોમ બનાવ્યો નથી: એથર ઇન્ડસ્ટ્રી

એથર ઇન્ડસ્ટ્રીના જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું કે, કંપનીને ફાયર વિભાગ દ્વારા જણાવ્યા મુજબ અમારા વેરહાઉસના પાછળના ભાગે આવેલા રોડ નં.૧ પરના ડીજીવીસીએલના કોમન ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગ અમારા વેરહાઉસ અને બાજુની અન્ય કંપની સુધી પ્રસરી હતી. જેના લીધે માલસામાનનું નુકસાન થયું હતું. ફાયર વિભાગ દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી હતી. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી તથા કોઈપણ વ્યક્તિને શારીરિક ઈજા પણ થઈ નથી. એથર ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ આ આગ લાગવાના કારણ અંગે અન્ય કોઈ વ્યક્તિ કે અન્ય કોઈ સંસ્થા કે અન્ય કોઈ કંપની પર દોષારોપણ કરતી નથી. આગ લાગવાનું સચોટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ અંગે તપાસ ચાલી રહી છે. કંપની દ્વારા એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, મીડિયાના અમુક અહેવાલોમાં બોઈલર બ્લાસ્ટ થયો હોવાની જે વાત વહેતી થઈ છે તે તદ્દન ખોટી અને પાયાવિહોણી છે. જે સ્થળે આગ લાગી હતી તે માત્ર એક વેરહાઉસ છે અને ત્યાં કોઈ બોઈલર રાખવામાં આવતું નથી. બિલ્ડિંગના સ્ટ્રક્ચર અંગે પણ એથર ઇન્ડસ્ટ્રીએ જણાવ્યું છે કે, વેરહાઉસમાં પતરાનો કોઈ ડોમ બનાવવામાં આવ્યો નથી, પરંતુ પતરાનો શેડ બનાવવામાં આવ્યો છે. આ શેડ ફરતી બાજુએથી ખુલ્લો છે અને માત્ર પતરાની છત લગાવવામાં આવી હતી. ઘટના સ્થળનાં CCTV ફૂટેજ ફાયર એજન્સીઓ પાસે ઉપલબ્ધ છે જે એમાં બધું સ્પષ્ટ જણાઈ આવે છે.

એથરના સ્ટ્રક્ચર સ્ટેબિલિટી અને ઇલેક્ટ્રિક ચેકિંગ રિપોર્ટ ફરજિયાત

વિભાગ દ્વારા કંપનીને ખાસ કરીને આગના કારણે બિલ્ડિંગના સ્ટ્રક્ચરને થયેલા નુકસાન અંગે સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ રજૂ કરવા જણાવાયું છે. ઉપરાંત કંપનીએ ઇલેક્ટ્રિક વાયરિંગનું સંપૂર્ણ ચેકિંગ કરાવી તેનો રિપોર્ટ પણ સબમિટ કરવો પડશે. આ ઉપરાંત કંપનીને સેફ્ટી ઓડિટ કરાવવાની પણ સૂચના આપવામાં આવી છે. આ તમામ રિપોર્ટ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગને સોંપ્યા બાદ જ કંપનીને ફરીથી કામગીરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

સૂર્યા મરાઠી હત્યાકાંડનો આરોપી રાહુલ એપાર્ટમેન્ટ જુગાર રમતા ઝડપાયો

સુરતઃ સુરત શહેરના ચર્ચિત સૂર્યા મરાઠી હત્યાકાંડમાં સંડોવાયેલા આરોપી રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટને ઉધના પોલીસે જુગાર રમતા ઝડપી પાડ્યો છે. બીઆરસી વિસ્તારમાં આવેલા બાજપાઇ આવાસમાં ડી-3માં ચાલતા જુગારધામમાં રાહુલ એપાર્ટમેન્ટ તેના ભાઈ સહિત કુલ 10 ઈસમો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસ સ્થળ પર પહોંચતા ત્યાં કેટલાક ઇસમો પૈસાની હારજીત પર જુગાર રમતા જોવા મળ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને તમામને ઝડપી પાડ્યા હતા.ઝડપાયેલા આરોપીઓમાં ચર્ચિત સૂર્યા મરાઠી હત્યાકાંડનો આરોપી રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટ ભાઈદાસ પિંપળે (ઉ.વ.34) તથા તેનો ભાઈ અજય ઉર્ફે સિધાર્થ ભાઇદાસ પિંપળે (ઉ.વ.29)નો પણ સમાવેશ થાય છે. પોલીસ તપાસ દરમિયાન દાવ પર મુકાયેલા રૂ.350 અને અંગજડતીમાંથી મળેલા રૂ.1100 મળી કુલ રૂ.1450 રોકડ રકમ કબજે કરવામાં આવી છે.

કોઈપણ સંજોગોમાં રસોઈ ગેસ બંધ નહીં થવા દઈએ: દિલીપ સંઘાણી

દેશભરમાં 2 લાખ નવી સહકારી સોસાયટીઓ બનાવવાનો સરકારનો લક્ષ્ય

સુરતઃધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં આયોજી 'કો-ઓપરેટિવ કોન્કલેવ ૨૦૨૬' ને સંબોધતા ઈફકો, ગુજકોમાસોલ અને NCUIના ચેરમેન દિલીપ સંઘાણી એ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને લીધે LPG ગેસની ઊભી થયેલી અછત વિશે જણાવ્યું હતું કે,"સરકાર પાસે ઉપલબ્ધ ગેસના જથ્થામાં ઘરેલું ગેસને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. કોઈપણ સંજોગોમાં લોકોના ઘરમાં રસોઈ ગેસ બંધ ન થવો જોઈએ તે સરકારની મુખ્ય ચિંતા છે. તેથી હોસ્પિટલ અને અન્ય જીવનજરૂરી સેવાઓને પણ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. વેપારી ગેસ સિલિન્ડર ન મળતા નાના વેપારીઓને પડી રહેલી મુશ્કેલી અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે હાલની પરિસ્થિતિમાં નક્કી કરવું પડે કે વેપાર થોડા સમય માટે બંધ રહે તે વધુ ગંભીર છે કે લોકોના ઘરમાં રસોઈ બંધ થઈ જાય તે.

ગેસની અછત વચ્ચે કાળાબજારી અને સંગ્રહખોરી અંગે પણ તેમણે કડક વલણ વ્યક્ત કર્યું. તેમના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા અનેક સ્થળોએ દરોડા પાડીને ગેરકાયદેસર જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, દેશના કેટલાક એવા વિસ્તારો છે જ્યાં ઉત્પાદનો થતા નથી એવા વિસ્તારોમાં પૂર્વ સૈનિકોની કો-ઓપરેટીવ બનાવીને ત્યાંની જમીનમાં ઉત્પાદન કરી શકાય છે. ગામડાથી લઈને જિલ્લા તથા રાજ્ય સ્તરે સર્વે કરવામાં આવ્યો છે. આ ડેટાના આધારે દેશભરમાં લગભગ 2 લાખ નવી સહકારી સોસાયટીઓ સ્થાપવાની યોજના સાથે સરકાર આગળ વધી રહી છે, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, કોરોનાના સમયમાં પણ સુરતની સહકારી બેંકોએ પોતાની મજબૂત સ્થિતિ જાળવી રાખી હતી અને મધ્યમ વર્ગ માટે કરોડરજ્જુ સમાન સાબિત થઈ હતી. સુરત જિલ્લા રજિસ્ટ્રાર હરેશ કાછડે જણાવ્યું હતું કે, દેશમાં હવે સહકારી ક્ષેત્રને કોર્પોરેટ સ્તરે આગળ લઈ જવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાલા,માજી પ્રમુખ વિજય મેવાવાલા,ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો અને સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.